અંજુમભાઈ પઠાણવાલી કુરસંથા
પઠાણની ચાલી, પિઠમગાલની સામે
સરસપુર, અમદાવાદ

<u>રજૂ.પો.એ.ડી:</u>

ક્રમાંક 'કામુનિ/જુડી/ઍ૨, / ૯-૭/૨૮-૧૦
કારખાના [illegible] મુખ્ય નિરીક્ષકની કચેરી,
૪/૫ [illegible] ભવન,
રુસ્તમ કામા માર્ગ, આનપુર
અમદાવાદ. તા. ૨૫/૮/૮૮

(૧) આસુઆં મુલાકાત લીધા તા.૨૯/૭/૮૮ ના રોજ શ્રી યુ.આર.સોની સાથે.

(૨) અમારી મુલાકાત સમયે નીચે જણાવેલ ઘેર કામ કરનાર કામદારો તેમણે માલિક પાસેથી ગઈકાલે/અગાઉ મેળવેલ બીડી-પત્તા તથા તમાકુમાંથી તેમના ઘેર બીડીઓને તૈયાર કરેલી બીડીઓ માલિકને પરત આપવા માટે તથા હવે ફરી ઘરે બીડી બનાવવા માટે લેવાના બીડી પત્તા તથા તમાકુ લેવા માટે હાજર આવેલ હતા. જેમની હાજર, મુલાકાત લઈ તેમજ પૂછપરછ કરતાં નીચે મુજબની વિગતો જાણવા મળેલ છે.

| અનુક્રમ. | નામ | લાવેલ બીડી. | આજરોજ લઈ ગેલ બીડી-પત્તા. | આજરોજ લઈ ગેલ તમાકુ |
|---|---|---|---|---|
| (૧) | લક્ષ્મીબેન બાબાભાઈ મોરકર, બાબાભાઈ કુંભારની ચાલી, સરસપુર | ૬૭૫ (નાનીસ્પે) | ~~૬૦૦ ગ્રામ~~. ૭૦૫ ગ્રામ. | ~~૨૦૦~~ગ્રામ. ૧૩૫ |
| (૨) | અંબિકાબેન કિશોરભાઈ, કસ્તુરબા નગર, સરસપુર | ૭૫૦ બીડી (સ્પે) | ૫૫૦ ગ્રામ. | ૧૫૦ ગ્રામ. |
| (૩) | સુલોચનાબેન નારણભાઈ, કસ્તુરબા નગર | ૧૦૭૫ (સ્પે.નાની) | ૬૭૫ ગ્રામ. | ૨૧૫ ગ્રામ. |
| (૪) | તારાબેન નારાયણભાઈ, સોમનાથ નાગરદાસની ચાલી, રૂમ નં. ૨૧ | ૭૫૦ (સ્પે) | ૫૫૦ ગ્રામ. | ૧૫૦ ગ્રામ. |
| (૫) | અનિતાબેન શિવકુમાર, કસ્તુરબા નગર. | ૫૭૫ (સ્પે) | ૩૫૫ ગ્રામ. | ૧૧૫ ગ્રામ. |
| (૬) | કેસરબેન મંગાજી, પઠાણની ચાલી સરસપુર | ૧૫૦૦ (સ્પે) | ૮૦૦ ગ્રામ. | ૩૦૦ ગ્રામ. |
| (૭) | કસ્તુરીબેન શિવલાલ, ધુળાભાઈ પટેલની ચાલી. | ૧૬૦૦ બીડી (સ્પે) | ૯૬૦ ગ્રામ. | ૩૨૦ ગ્રામ |
| (૮) | રત્નાબેન વિશ્રામભાઈ, ભોંડાવાળી ચાલી, રાયપુર મીલ પાસે | ૩૦૦ બીડી (સ્પે) | ૧૮૦ ગ્રામ. | ૬૦ ગ્રામ. |
| (૯) | શાન્તાબેન મગનભાઈ, ધુળાભાઈ ની ચાલી | ૭૫૦ (સ્પે) | ૫૫૦ ગ્રામ. | ૧૫૦ ગ્રામ |

(૩) ઉપરોક્ત કામદારોની રૂબરૂ પૂછપરછ કરતાં જાણવા મળેલ છે કે જે તે કામદારો માલિકશ્રી સંજુભાઈ પ્રહલાદભાઈ કુરૈયા દ્વારા આપવામાં આવેલ બીડી પતા તથા તમાકુ તેમના ઘેર લઈ જઈને ઘેર બેસીને માલિકે નિયત કરેલ માપ સાઈઝની બીડીઓ તૈયાર કરી આવી તૈયાર કરેલ બીડીઓ બીજા દિવસે પરત માલિકશ્રી સંજુભાઈ પ્રહલાદભાઈ કુરૈયા ને આપે છે. આ કામ કર્યા બદલ જે તે કામદારોને માલિક દ્વારા નિયત કરેલ દર એક હજાર બીડી પ્રમાણે ચુકવવામાં આવે છે. અને અમારી તપાસ સમયે પૂછપરછ કરતાં કામદારોને એક હજાર બીડીના રૂ ૧૪=૦૦ (આશરે) ચુકવવામાં આવતા હોવાનું જણાવેલ છે. તેમજ માલિક દ્વારા આપવામાં આવતા બીડી બનાવવાના કાચા માલ જેવા કે ટીમરૂ પતા તમાકુ તેમજ નિયત કરેલા દોરાનો દોરો જ માલિક દ્વારા આપવામાં આવે છે. તે બદલ કામદારો પાસેથી કોઈ નાણાં માલિક દ્વારા લેવામાં આવતા નથી.

(૪) કામદારો દ્વારા લાવવામાં આવેલ ઘરે તૈયાર કરેલ બીડીઓ માલિકશ્રી સંજુભાઈ પ્રહલાદભાઈ કુરૈયા દ્વારા ચકાસીને નિયત કરેલ ધોરણો તેમજ માપ સાઈઝ મુજબની જ બીડીઓ માલિક દ્વારા લેવામાં આવે છે. ખામીવાળી બીડીઓ તેમજ નિયત માપ સાઈઝથી જુદી બીડીઓ અલગ તારવી લેવામાં આવે છે. જે માલિક દ્વારા રાખવામાં આવતી નથી. આમ કામદારોએ કરેલ કામનું નિરીક્ષણ પણ કરવામાં આવે છે.

(૫) ઉપર પ્રમાણે જોતાં રીમાર્કસ નં.૨ માં દર્શાવેલ કામદારોએ કરેલ કામ પર છેવટનો અંકુશ શ્રી સંજુભાઈ પ્રહલાદભાઈ કુરૈયા નો રહે છે. આમ તેઓ માલિક છે. અને રીમાર્કસ નં.૨ માં દર્શાવેલ કામદારો તેમના ઘેર કામ કરનાર કામદારો છે. તેમજ આ કામકાજ જે સ્થળ એટલે કે ઉપરોક્ત સરનામાં વાળુ સ્થળ તે બીડી અને સિગાર કામદાર (રોજગાર ની શરતો) અધિનિયમ ૧૯૬૬ ની કલમ ૨ (૨) મુજબ એક ઔદ્યોગિક જગ્યા છે. જેમાં બીડી બનાવવાને લગતી ઉત્પાદન પ્રક્રિયા કરવામાં આવે છે. (કલમ ૨ ડ)

(૬) તપાસ કરતાં તથા પૂછપરછ કરતાં જાણવા મળેલ છે કે ઉપરોક્ત સ્થળ (જગ્યા) નો ઉપયોગ ઔદ્યોગિક જગ્યા તરીકે કરવા માટેનું કાયદેસરનું લાયસન્સ મેળવેલ નથી। મેળવવા માટે નિયત નમુના ૧ માં, જરૂરી ફી ના ચલણ તથા ઔદ્યોગિક જગ્યાના નકશાની નકલ (બે નકલમાં) સાદર કરેલ નથી.

આમ ઉપરોક્ત જગ્યાનો જરૂરી પરવાનો મેળવ્યા સિવાય તેનો ઔદ્યોગિક જગ્યા તરીકે ઉપયોગ કરીને તથા ચાલુ રાખીને ઔદ્યોગિક સંસ્થાના માલિકશ્રી/કબજેદારશ્રીએ બીડી અને સિગાર કામદાર (રોજગાર ની શરતો) અધિનિયમ ૧૯૬૬ ની કલમ ૩ નો ભંગ કરેલ છે.

(૭) તપાસ કરતાં તેમજ રૂબરૂ પૂછપરછ કરતાં જાણવા મળેલ છે કે ઉપરોક્ત રીમાર્કસ નં.૨ માં જણાવેલ ઘેર કામ કરતાં કામદારોનું રજીસ્ટર નમુના નં.૧૪ કે જેમાં તેઓ કામે રોકેલા બધા ઘેરકામ કરનારા કામદારોના નામ તથા અન્ય વિગતો નોંધેલી હોય તેવું રજીસ્ટર રાખવામાં આવેલ નથી। માંગતા રજુ કરેલ નથી. આમ કરીને ઉપરોક્ત ઔદ્યોગિક સંસ્થાના માલિકશ્રી/કબજેદારશ્રીએ બીડી અને સિગાર કામદારો (રોજગાર ની શરતો) (ગુજરાત) નિયમો ૧૯૬૮ ના નિયમ ૩૩(૩) નો ભંગ કરેલ છે.

(૮) ઉપર કામદારોની રૂબરૂ પૂછપરછ કરતાં જાણવા મળેલ છે કે તેમને માલિક તરફથી નમુના ૧૪ મુજબની લોગબુક કે જેમાં ઘેરકામ કરનારે લીધેલ કાચા માલની તથા બનાવેલ બીડીની સંખ્યાની અને તેની ચૂકવેલ વેતનની નોંધ રાખવામાં આવતી હોય તેવી લોગબુક આપવામાં આવેલ નથી. આમ કરીને ઉપરોક્ત ઔદ્યોગિક સંસ્થાના માલિકશ્રી/કબજેદારશ્રીએ બીડી અને સિગાર કામદારો (રોજગારની શરતો) (ગુજરાત) નિયમો ૧૯૬૮ ના નિયમ ૩૩(૨) નો કામદાર દીઠ અલગ અલગ ભંગ કરેલ છે.

(૯) ...

સંસ્થાના માલિકશ્રી કુંવરજીભાઈ પદમશીભાઈ કુરજીયા . . . . . છે. આમાં જો કોઈ ફેરફાર હોય તો તે અંગેની જાણ તાકીદે અમારી કચેરીએ લેખિતમાં કરશો.

(૧૦) ઉપરોક્ત દર્શાવેલ કાયદાભંગ બદલ આપનો જો કોઈ ખુલાસો હોય તો તે તાકીદે લેખિતમાં અમારી કચેરીએ રજૂ કરશો.

(૧૧) ઉપરાંત તમાકુ બીડીના વેચાણ માટે કલેક્ટરશ્રીના સુપ્રિટેન્ડન્ટ ઓફ એક્સાઇઝ ઓન લાયસન્સનું લાયસન્સ મેળવેલ છે તેમ જણાવેલ પરંતુ આપની ખુલાસા સમયે તે લાયસન્સ જેમાં અમારી કચેરીએ સાથે લેતા આવવું.

[signature] ૨૧/૭/૮૧

ફેક્ટરી ઇન્સ્પેક્ટર
અમદાવાદ.
(બીડી સિગાર ધારા હેઠળના નિરીક્ષક)